ICDS હેઠળની જિલ્લા/મહાનગરપાલિકા અને ઘટક કચેરીઓની કુલ-૩૧૯ જગ્યાઓની સેવાઓ આઉટસોર્સીંગથી મેળવવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/CIE/23/2023/1038/B1 Branch

સચિવાલય, ગાંધીનગર.

30 AUG 2024

<u>વંચાણે લીધા:</u>

1) મહિલા અને બાળ વિકાસ વિભાગનો સમાન ક્રમાંકનો તા.૦૪/૧૦/૨૦૨૩નો ઠરાવ.

2) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો પત્રક્રમાંક: આઇસીડીએસ/મકમ-૫/૩૧૯ જગ્યા માટે આ.સો.ની મંજુરી ૨૩-૨૪, તા.૨૨/૦૭/૨૦૨૪ અને તા.૦૨/૦૮/૨૦૨૪

//ઠરાવ//

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવથી સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત જિલ્લા/મહાનગરપાલિકા અને ઘટક કક્ષાની કુલ-૩૫૪ જગ્યાઓની સેવાઓ આઉટસોર્સથી મેળવવાની મંજુરી આપેલ હતી. આ જગ્યાઓની આઉટસોર્સની સેવાઓની મુદત તા.૦૨/૦૮/૨૦૨૪ના રોજ સમાપ્ત થતી હોવાથી વંચાણે લીધા (૨) પરના કમિશ્નરશ્રી,(મ.બા.વિ.)ની કચેરીના પત્ર મુજબ આ જગ્યાઓ પૈકીની કુલ-૩૧૯ જગ્યાની આઉટસોર્સની સેવાઓ મુદત પૂર્ણ થયા તારીખથી વધુ ૧૧ માસ હેતુ આઉટસોર્સથી સેવાઓ મેળવવાની મંજુરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત જિલ્લા/મહાનગરપાલિકા અને ઘટક કચેરીની નીચે મુજબની નિયમિત પગાર ધોરણની કુલ-૩૧૯ ખાલી જગ્યાઓ પર માન્ય એજન્સી મારફત આઉટસોર્સિંગથી માનવ બળની સેવાઓ મેળવવાની મંજૂરી આપવામાં આવે છે. આ મંજૂરી તા.૦૨/૦૮/૨૦૨૪થી વધુ ૧૧ માસ અથવા નિયમિત ઉમેદવાર ઉપલબ્ધ થાય એ બંનેમાંથી જે વહેલું હોય ત્યાં સુધીના સમયગાળા માટે અને નીચે દર્શાવેલ શરતોને આધિન રહેશે.

| ક્રમ | આઉટસોર્સથી સેવાઓ મેળવવા માટેની જગ્યાનું નામ | જિલ્લા કક્ષાની જગ્યાઓ | ઘટક કક્ષાની જગ્યાઓ | કુલ જગ્યાઓ |
|---|---|---|---|---|
| ૧ | કચેરી અધિક્ષક | ૧૪ | --- | ૧૪ |
| ૨ | આંકડા મદદનીશ | ૦૯ | ૯૯ | ૧૦૮ |
| ૩ | હિસાબનીશ | ૧૫ | --- | ૧૫ |
| ૪ | જુ.કલાર્ક | ૦૮ | ૧૭૪ | ૧૮૨ |
| | કુલ | ૪૬ | ૨૭૩ | ૩૧૯ |

કચેરી અધીક્ષકની જગ્યાઓ માટે માસિક વેતન રૂ.૩૦,૦૦૦/- અને આંકડા મદદનીશની જગ્યાઓ માટે માસિક રૂ.૨૫,૦૦૦/- ફિક્સ વેતનથી આ જગ્યાની સેવાઓ આઉટસોર્સની સેવાઓ મેળવવવાની રહેશે તથા બાકીની જગ્યાઓ માટે લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગના તા.૨૭/૦૩/૨૦૨૩ના જાહેરનામા અને તેને આનુષંગિક બહાર પાડવામાં આવેલ ઠરાવ/પરિપત્રો ધ્યાને લઈ બહાર પાડવામાં આવેલ લઘુત્તમ વેતન જેટલા જ મહેનતાણા આઉટસોર્સિંગ સ્ટાફને ચૂકવવાના રહેશે.

<u>શરતો:</u>

1. આ ખાલી જગ્યાઓ પર નિયમિત ભરતીથી ઉમેદવાર મળે અથવા અગિયાર માસ માટે એ બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી આઉટસોર્સથી સેવાઓ મેળવવાની રહેશે.

2. આ જગ્યાઓ પર નિયમિત ભરતીથી નિમણૂક થાય ત્યારે અગિયાર માસના આઉટસોર્સના કર્મચારીઓને છુટા કરવાના રહેશે.

3. ૧૧ માસ બાદ આ જગ્યાઓની સેવા ચાલુ રાખવા વિભાગની મંજુરી મેળવવાની રહેશે.

4. પ્રોગ્રામ અધિકારીશ્રી દ્વારા આ ખાલી જગ્યાઓ નિયમિત ભરતીથી ભરવા વિકાસ કમિશ્નરશ્રીની કચેરીને માંગણાપત્રકો મોકલવાના રહેશે જેનું કમિશ્નરશ્રી,મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા મોનીટરીંગ કરવાનું રહેશે.

પ્રસ્તુત ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણા સલાહકારશ્રીના પરામર્શમાં સચિવશ્રી (મ.બા.વિ.)ની તા.૨૮/૦૮/૨૦૨૪ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

File No: WCDD/CIE/e-file/23/2023/1038/B1 Branch

Approved By: Deputy Secretary Incharge,B1 Branch,WCDD

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ,બ્લોક ન.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાધીનગર.
2. કમિશ્નરશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, બ્લોક નં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ....................
4. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, ................
5. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ.
7. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
8. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર - વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
9. શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૨૪